આંક – ૧૭

::નમૂના – અ::

સરસ એન. આઈ. કોર્ટ ન. ૦૨ સી. જે. એમ. કોર્ટ માં, અમદાવાદ શહેર. શ્રી. એન. એ. કુલકર્ણી – ૪૨ માં અધિક સી. જે. એમ. અમદાવાદ શહેર.	
ચુકાદા ની તારીખ	૬ ઠ્ઠી એપ્રીલ ૨૦૨૬
ઇ. ફો. કે. સંખ્યા	૦૭/૨૦૨૬
ગુના ની વિગત	
ગુના ની કલમ	ધી. નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ અધિનિયમ ની કલમ ૧૩૮
પ્ર. માહિતી અહેવાલ સંખ્યા	લાગુ નથી
પોલીસ સ્ટેશન	લાગુ નથી
ફરિયાદી પક્ષ	ઉજજીવન સ્મોલ ફાઇનાન્સ બેંક લી. – તેના અધિકૃત લીગલ મેનેજર અક્ષીત નીતીનભાઇ શાહ વતી.
રજૂઆત	વિ. વકીલ શ્રી. એ. જે. સૈયદ, વાય. જે. ત્રીવેદી, એ. બી. ખરવડ, પી. એન. પ્રજાપતિ, આર. જી. બંટુયા , કે. એસ. ઉત્તેકર, પ્રીયંકા રાઠોડ.
આરોપી પક્ષ	૦૧. સલિમ ખાન મોરહમઅલી પઠાણ, ઉમર – ૪૫, વ્યવસાય – ધંધો, સરનામું – નાનપુરા, લકડકોટ, જુના દરબાર, કમલ બાગની સામે, સુરત, ૩૯૫૦૦૧ / ૧/૪૦૬૨, પૈકી જૂના દરબાર, નિમત પેલેસ, સુરત, – ૩૯૫૦૦૧ / સલમાન વેલ્ડીંગ વર્કસ – વોર્ડ ન. ૦૧, નોંધ ન. ૩૦૫૭, પખાલી વાડ મસ્જીદ પાછળ, ફસાલી મસ્જીદ પાસે, બડેકા ચકલા, નાનપુરા, સુરત – ૩૯૫૦૦૧. સંપર્ક – +૯૧–૭૦૧૬૮–૫૬૬૨૯.
રજૂઆત	વિ. વકીલ શ્રી – ડી.એમ. પારેખ

::નમૂના – બ::

ગુના ની તારીખ	૦૬–૦૯–૨૦૨૫
પ્ર. માહિતી અહેવાલ ની તારીખ	લાગુ નથી.
આખરી અહેવાલ ની તારીખ	લાગુ નથી.
તહોમતનામા ની તારીખ	૦૫–૦૧–૨૦૨૬
પુરાવો શરૂ થયા ની તારીખ	૦૯–૦૨–૨૦૨૬
ચુકાદા માટે રાખવાની તારીખ	૦૬–૦૪–૨૦૨૬
ચુકાદા ની તારીખ	૦૬–૦૪–૨૦૨૬
સજા હુકમ ની તારીખ (લાગુ પડે તો)	૦૬–૦૪–૨૦૨૬

::આરોપી ની વિગત::

આરોપી નું અનુક્રમ	આરોપી નું નામ	ધરપકડ ની તારીખ	જામીન મુક્તિ તારીખ	તહોમત	શું નિર્દોષ છોડ્યુ / સજા કરી	કરવામાં આવેલ સજા	સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ફો. કા. સંહિતા ની કલમ ૪૨૮ મુજબ
૦૧.	સલિમ ખાન મોરહમઅલી પઠાણ	લાગુ નથી.	લાગુ નથી.	ધી. નેગો. ઇન્સ્ટ્રુ અધિનિયમ કલમ ૧૩૮	સજા કરી	૦૧ વર્ષ ની સાદી કેદ ની સજા તેમજ દંડ / વળતર આખરી હુકમ મુજબ.	લાગુ નથી.

નોંધ – હાલ ના કામે આવેલ ફરિયાદ મૂળ ઉપરોક્ત જણાવેલ આરોપી વ્યક્તિ સાથે અન્ય અનેક આરોપી વ્યક્તિ ઑ સામે દાખલ કરવા માં આવેલ હતી. પરંતુ કાયદા મુજબ હાલની ફરિયાદ માત્ર હાલના ચુકાદા માં આવેલ ઉપરોક્ત આરોપી સામે ચાલવા પાત્ર હોય, અન્ય આરોપી વ્યક્તિ / ઑ ને હાલના કામે ફરિયાદ પક્ષ ની પુરસીસ આધારે લોપ કરવા માં આવેલ છે.

<u>//ચુકાદો//</u>

1. ફરિયાદ પક્ષ ની સંક્ષિપ્ત હકીકત એ મુજબ ની છે કે, હાલના કામે આવેલ ફરિયાદ પક્ષ પોતે નાણાં ધિરાણ આપવા ના વ્યવસાય માં જોડાયેલા છે. જેથી પોતાના વ્યવસાય ના ભાગ રૂપે હાલના કામે આવેલ ફરિયાદી સંસ્થા અનેક વ્યક્તિઑ (કુદરતી / કૃત્રિમ) પાસે થી જરૂરી વિગતો, ધિરાણ માટે આર્થિક પરિસ્થિતી ની ખરાઈ કરી, અમુક જરૂરી દસ્તાવેજી આધાર પ્રાપ્ત કરી, અને ધિરાણ ના કરારો નો અમલ કર્યા પછી ધિરાણ આપવાની કામગીરી કરતાં આવેલ છે.

2. આમ પોતાના આવા વ્યવસાય ના ભાગરૂપે, હાલના કામના ફરિયાદી સમક્ષ જ્યારે હાલના કામના આરોપી પક્ષ દ્ધારા જ્યારે ધિરાણ માટે અરજી મૂકવા માં આવે છે. ત્યારે હાલના કામના ફરિયાદી પક્ષ એ આરોપી પક્ષ પાસે થી ધિરાણ માટે જરૂરી તમામ દસ્તાવેજો પ્રાપ્ત કરી, તેમજ ધિરાણ માટે આરોપી પક્ષ ની જરૂરી આર્થિક ખરાઈ કરી, ધિરાણ માટે કરારો નું અમલ કાર્યાબાદ આ કામના આરોપી પક્ષ ને ફરિયાદ માં જણાવેલ હેતુલક્ષી ધિરાણ આપેલ છે.

3. બંને પક્ષ વચ્ચે થયેલ કરાર મુજબ હાલના કામના આરોપી પક્ષ, ફરિયાદ પક્ષ પાસે થી પ્રાપ્ત કરેલ ધિરાણ ની રકમ, કરાર મુજબ ના સમયમર્યાદા માં પરત ચૂકવી આપવા બંધાયેલ છે. પરંતુ હાલના કામના આરોપી પક્ષ કરાર મુજબ દેવા ની ચુકવણી કરવા માં નિષ્ફળ રહેલ છે. જેથી હાલના કામના ફરિયાદી પક્ષ દ્વારા જ્યારે આરોપી પક્ષ પાસે લેણી રકમ ની વસૂલાત કરવા માં આવતા, હાલના કામના આરોપી પક્ષ એ નીચે જણાવેલ વિગત વાળો ચેક ફરિયાદ પક્ષ ને કાયદેસર ની લેણી / દેવા ના વસૂલાત બદલ *સોંપી* આપેલ હતો.

અનુ ક્ર.	ચેક નો નં.	બેંક અને શાખા	ચેક ની તારીખ	ચેક ની રકમ
૦૧.	૩૦૭૯૫૭	ઉજ્જીવન સ્મોલ ફાયનાન્સ બેંક, સુરત	૨૧–૦૭–૨૦૨૫	₹.૯,૫૫,૯૭૨/–
			કૂલ રકમ ₹.	૯,૫૫,૯૭૨/–

નોંધ – સબબ કામના ફરિયાદી એ અનેક હકીકતો નો ઉલ્લેખ હાલની ફરિયાદ માં કરેલ છે, પરંતુ સબબ ફરિયાદ માત્ર અને માત્ર ધી. નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ ૧૮૮૧ ની કલમ ૧૩૮ હેઠળ ની હોઈ, માત્ર લાગુ પડતી હકીકતો અત્રે ચર્ચા કરવામાં આવેલ છે. વધુમાં હાલના કામે ઉપર જણાવેલ વિગત મુજબ ના ચેક ને હવે પછી સરળતા ખાતે તકરારી ચેક / ચેક તરીકે સંબોધાવા માં આવશે.

4. ત્યારબાદ, ગઈ **તા. ૨૧–૦૭–૨૦૨૫** ના રોજ ફરિયાદ પક્ષે સબબ ચેક ચુકવણી અર્થે પોતાના બેન્ક ખાતા માં રકમ ની પ્રાપ્તી માટે રજુ કરતા, આરોપી ના બેંક દ્વારા સબબ ચેક, "**ખાતા માં અપૂર્તિ ભંડોળ (ફંડ ઈન્સફીશન્ટ)**" ના શેરા સાથે **તા. ૨૨–૦૭–૨૦૨૫** ના રોજ પરત કરવામાં આવેલ છે.

5. જેની જાણ ફરિયાદ પક્ષ ને થતા, ગઈ **તા. ૧૯–૦૮–૨૦૨૫** ના રોજ ફરિયાદી પક્ષે, આરોપી પક્ષ ને કાયદા મુજબ ની માંગણી ની નોટીસ પોસ્ટ માધ્યમ ના આર. પી. એ. ડી. ની સુવિધા સાથે મોકલી આપેલ છે. જે નોટીસ સંબંધે રજુ થયેલ વિગતો મુજબ સબબ નોટીસ આરોપી પક્ષ ને **તા. ૨૨–૦૮–૨૦૨૫** ના રોજ બજી ગયેલ હોવા છતા, આરોપી પક્ષે કાયદા દ્વારા નિયત સમય મર્યાદામાં ફરિયાદ પક્ષ ને ચેક ની રકમ ચૂકવી આપેલ નથી.

6. જેથી હાલના કામના ફરિયાદ પક્ષ હાલ ની ફરિયાદ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ હેઠળ, ન્યાયાલય સમક્ષ લઈ ને ઉપસ્થિત થયેલા છે. જેથી કાયદા મુજબ ની પ્રક્રિયા અનુસર્યા બાદ, હાલના કામે ન્યાયાલય દ્વારા ગુના ની સંજ્ઞાન લેવા માં આવેલ છે.

7. ત્યારબાદ હાલના કામના આરોપી પક્ષ ઉપર કાયદા મુજબ પ્રોસેસ કાઢવા માં આવતા, હાલના કામના આરોપી પક્ષ ન્યાયાલય સમક્ષ ઉપસ્થિત થયેલા છે. જેથી હાલના કામે આવેલ ફરિયાદ હેઠળ ના તમામ દસ્તાવેજો ની નકલ આરોપી પક્ષ ને સુપરત કરવા માં આવેલ છે. વધુ માં આરોપી પક્ષ હાજર થતાં તેમણે અનૌપચારિક / સામાન્ય તહોમત ના માધ્યમ થી ગુના અંગે ની તમામ વિગતો થી અવગત

કરવા માં આવેલ છે અને તે અંગે નું આરોપી નું નિવેદન હાલના કામે *આંક – ૦૭*થી નોંધવા માં આવેલ છે. જે નિવેદન માં આરોપી પક્ષ દ્વારા ગુના નો ઇનકાર કરવા માં આવેલ છે અને પોતે બચાવ રજૂ કરવા માગતા હોવાની જાહેરાત કરેલ છે.

8. હાલના કામે આરોપી પક્ષ પોતાની સામેની ગુના ની કાર્યવાહી આગળ ચાલવા માગતા હોઈ, હાલના કામના ફરિયાદી પક્ષ ને પોતાનો પુરાવો રજુ કરવા માટે સૂચના આપવમાં આવેલ છે. તેથી હાલના કામના ફરિયાદી પક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખેલ છે.

::નમૂનો ક::

ફરિયાદી પક્ષ ના સાક્ષી ની યાદી

અ. ફરિયાદ પક્ષ

અનુ ક્ર.	નામ	પુરાવા નો પ્રકાર
ફ.સ.૧	અક્ષીત નીતીનભાઇ શાહ(આંક ૩)	ફરિયાદી

ફરિયાદી ન્યાયાલય ના આંક ની યાદી

અ. ફરિયાદ

અનુ ક્ર.	આંક સંખ્યા	વર્ણન
૧.	આંક ફ–૦૯/ફ.સ. ૧	પાવર ઓફ એટર્ની ની નકલ.
૨.	આંક ફ–૧૦/ફ.સ. ૧	ચેક નં. ૩૦૭૯૫૭ ની નકલ.
૩.	આંક ફ–૧૧/ફ.સ. ૧	ચેક બીન ચુકવે પરત ફર્યા ની યાદી ની નકલ.
૪.	આંક ફ–૧૨/ફ.સ. ૧	ફરિયાદ પક્ષ દ્વારા આરોપી પક્ષ ને આપવામાં આવેલ કાયદા મુજબ ની નોટીસ ની કચેરી / આરક્ષિત નકલ.
૫.	આંક ફ–૧૩/ફ.સ. ૧	અરક્ષિત ટપાલ બદલ, ટપાલ ચુકવણી રસીદ ની નકલ રજુ.
૬.	આંક ફ–૧૪/ફ.સ. ૧	ઓનલાઈન ટ્રેકિંગ રીપોર્ટ ની નકલ

9. ત્યારબાદ, ફરિયાદ પક્ષ એ ***આંક – ૧૫*** થી પુરાવો બંધ કરવા ની પુરસીસ રજૂ કરી, ફરિયાદ પક્ષ ના પુરાવા ની અંત આપેલ છે.

10. હાલના કામે આરોપી પક્ષ હાજર થતા, ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવા માં આવેલ હકીકતો ધ્યાને લેતા, આરોપી ના નિવેદન સાથે વિશેષ નિવેદન નોંધવા માં આવેલ હતું. જે હકીકતો નું સમાવેશ આ વિશેષ નિવેદન માં થયેલ છે, તે સિવાય અન્ય કોઈ વિશેષ હકીકતો પાછળ થી રજૂ થવા પામેલ નથી. તેથી સંજોગો જોતાં, આરોપી પક્ષ તરફ થી બચાવ માટે વધુ કોઈ ખુલાસા ની અત્રે જરૂર રહેલ નથી.

11. ત્યારબાદ, સબબ કામ દલીલો ના તબક્કે આવતા, ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવા માં આવેલ દલીલો ધ્યાને લેવા માં આવેલ છે. જ્યારે આરોપી પક્ષ ને દલીલો અર્થે હાજર રહેવા માટે પર્યાપ્ત તક મળેલ

હોવા છતાં, આરોપી પક્ષ દલીલો રજૂ કરવા માટે હાજર રહેવા માં કસૂર કરેલ હોય, તેમનો દલીલો નો હક્ક બંધ કરવા માં આવેલ છે.

12. ઉપરોક્ત હકીકતો ને ધ્યાને લેતા નીચે મુજબના મુદ્દા ફરિયાદ ના યોગ્ય નિર્ણય માટે ન્યાયાલય સમક્ષ ઉપસ્થિત થાય છે.

::મુદ્દા::		
અનુ નં.	મુદ્દા	નિર્ણય.
૦૧.	શું ફરિયાદ પક્ષ નિઃશંક પણે પુરવાર કરે છે કે, આરોપી પક્ષે બનાવ માં સંડોવાયેલ ચેક, કાયદેસર રીતે લાગુ કરી શકાય તેવા દેવા અથવા જવાબદારી પેટે, ફરિયાદ પક્ષ ને આપેલ છે?	હકાર માં
૦૨.	શું ફરિયાદ પક્ષ નિઃશંક પણે પુરવાર કરે છે કે, બનાવ માં સંડોવાયેલ ચેક, તેના કાયદા દ્વારા નિર્ધારિત સમય મર્યાદામાં, ચુકવણી અર્થે બેંક માં રજુ કરવામાં આવેલ છે?	હકાર માં
૦૩.	શું ફરિયાદ પક્ષ નિઃશંક પણે પુરવાર કરે છે કે, બનાવ માં સંડોવાયેલ ચેક, આરોપી પક્ષ ના બેંક ખાતા માં ચેક ની ચુકવણી માટે અપર્યાપ્ત ભંડોળ ના કારણે અથવા બેન્ક અને આરોપી વચ્ચે થયેલ કરાર ની મર્યાદા કરતાં ચેક ની રકમ વધુ હોવાના કારણે, ચુકવણી વિના પરત કરવામાં આવેલ છે?	હકાર માં
૦૪.	શું ફરિયાદ પક્ષ નિઃશંક પણે પુરવાર કરે છે કે, તેઓએ બનાવ માં સંડોવાયેલ ચેક ના રકમ ની ચુકવણી કરી આપવા માટે, કાયદા મુજબ ની માંગણી નોટીસ કાયદા મુજબ નિયત સમય મર્યાદામાં અને યોગ્ય રીતે આરોપી પક્ષ ઉપર મોકલી આપેલ છે?	હકાર માં
૦૫.	શું ફરિયાદ પક્ષ નિઃશંક પણે પુરવાર કરે છે કે, સબબ માંગણી નોટીસ પ્રાપ્ત થયા ના તરત આવતા દિન ૧૫ સુધી માં, બનાવ માં સંડોવાયેલ ચેક મુજબ ની રકમ ની ચુકવણી કરવામાં આરોપી પક્ષે કસૂર કરેલ છે?	હકાર માં
૦૬.	શું ફરિયાદ પક્ષ નિઃશંક પણે પુરવાર કરે છે કે, આરોપી પક્ષે ધી. નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ કલમ – ૧૩૮ મુજબ નો ગુનો કરેલ છે?	હકાર માં
૦૭.	શું હુકમ?	આખરી હુકમ મુજબ.

13. ઉપરોક્ત મુદ્દાઓ માટે કારણો, અવલોકન, અને તારણો નીચે મુજબ રહેલ છે.

14. **મુદ્દા ક્ર. ૦૧ (કાયદા મુજબ ચેક ની યોગ્યતા).**

15. સબબ કામે રહેલ તકરારી ચેક હાલના કામના આરોપી પક્ષ દ્વારા ફરિયાદી ને કાયદેસર ની લેણી અથવા દેવા ના ચુકવણી પેટે આપેલ આપવા માં આવેલ હોવાની હકીકત ની સાબિતી માટે ફરિયાદ પક્ષ એ પોતાના ફરિયાદી સાક્ષી ક્ર. ૦૧ (ફ. સ. ૧) ની **આંક – ૦૩** થી રજુ સોગંદ ઉપર ની જુબાની ઉપર

આધાર રાખેલ છે. સબબ સાક્ષી ની સરતપાસ વંચાણે લેવામાં આવે, તો સબબ સાક્ષી ઉપરોક્ત થયેલ ચર્ચા મુજબ ની હકીકતો રજુ કરેલ છે. જે મુજબ સબબ કામે બનાવ માં સંડોવાયેલ ચેક, હાલના કામના આરોપી પક્ષે, ફરિયાદ પક્ષ ને તેમની પાસે થી ઉપરોક્ત ચર્ચા મુજબ નો પ્રાપ્ત કરેલ, ધિરાણ ની કરાર મુજબ પરત ચુકવણી અર્થે આપેલ છે.

16. હાલના કામે આરોપી પક્ષ ની બેદરકારી ધ્યાને લેતા, ઉપરોક્ત સાક્ષી ની ઊલટ તપાસ નો હક્ક બંધ કરવાનો આદેશ ન્યાયાલય દ્વારા કરવા માં આવેલ હોય આરોપી પક્ષ નો કોઈ બચાવ તે માધ્યમ થી અત્રે નીકળી આવતો નથી કે, ધી. નેગો. ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ ની કલમ ૧૩૯ નું ખંડન પણ થવા પામતું નથી.

17. હાલના કામે જ્યારે ફરિયાદ પક્ષ ના કેસ ને કાયદા મુજબ ના પ્રાથમિક ધારણા નું બળ મળતું હોય, તો તે મુજબ હાલના કામે આવેલ તકરારી ચેક, ફરિયાદ પક્ષ ને કાયદેસર ના દેવા અથવા લેણી ની ચુકવણી માટે આરોપી પક્ષ દ્વારા આપવા માં આવેલ છે, તેમ માનવા પાત્ર બને છે. અને તેથી અત્રે ની ન્યાયાલય નું ધ્યાન નામ. સર્વોચ્ચ ન્યાયાલય ના ***M/s. Kumar Exports (supra)***[1] ના ચુકાદા તરફ દોરાય છે. જે ચુકાદા માં ખંડન ની ગુણવત્તા બાબતે એમ જણાવવા માં આવેલ છે કે, "*The use of the phrase "until the contrary is proved" in Section 118 of the Act and use of the words "unless the contrary is proved" in Section 139 of the Act read with definitions of "may presume" and "shall presume" as given in Section 4 of the Evidence Act, makes it at once clear that presumptions to be raised under both the provisions are rebuttable. When a presumption is rebuttable, it only points out that the party on whom lies the duty of going forward with evidence, on the fact presumed and when that party has produced evidence fairly and reasonably tending to show that the real fact is not as presumed, the purpose of the presumption is over. The accused in a trial under Section 138 of the Act has two options. He can either show that consideration and debt did not exist or that under the particular circumstances of the case the non-existence of consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed. To rebut the statutory presumptions an accused is not expected to prove his defence beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial. The accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the court need not insist in every case that the accused should disprove the non-existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would not serve the purpose of the accused. Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. To disprove the presumptions, the*

[1] M/s. Kumar Exports v. M/s. Sharma Carpets - AIR 2009 SUPREME COURT 1518

accused should bring on record such facts and circumstances, upon consideration of which, the court may either believe that the consideration and debt did not exist or their non-existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist. Apart from adducing direct evidence to prove that the note in question was not supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant. The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Section 114 of the Evidence Act to rebut the presumptions arising under Sections 118 and 139 of the Act. The accused has also an option to prove the non-existence of consideration and debt or liability either by letting in evidence or in some clear and exceptional cases, from the case set out by the complainant, that is, the averments in the complaint, the case set out in the statutory notice and evidence adduced by the complainant during the trial. Once such rebuttal evidence is adduced and accepted by the court, having regard to all the circumstances of the case and the preponderance of probabilities, the evidential burden shifts back to the complainant and, thereafter, the presumptions under Sections 118 and 139 of the Act will not again come to the complainant's rescue"

18. હાલના કામે જ્યારે આ પ્રકાર નું કોઈ પણ માનવા પાત્ર ખંડન જ્યારે અત્રે ની ન્યાયાલય સમક્ષ રજૂ થવા પામેલ નથી. ત્યારે સમગ્ર ચર્ચા ની અંતે, આરોપી પક્ષે બનાવ માં સંડોવાયેલ ચેક, કાયદેસર રીતે લાગુ કરી શકાય તેવા દેવા અથવા જવાબદારી પેટે, ફરિયાદ પક્ષ ને આપેલ છે. તેમ નિઃશંક પણે અત્રે પુરવાર થાય છે. તેથી મુદ્દા ક્ર. **૦૧** નો જવાબ **હકાર માં** આપવામાં આવે છે.

19. <u>મુદ્દા ક્ર. ૦૨ (સમય મર્યાદા માં ચુકવણી અર્થે રજુ).</u>

20. ભારતીય રીઝર્વ બેંક એ પોતાના તા. ૪ થી નવેમ્બર ૨૦૧૧ જાહેર સુચના સંખ્યા ***RBI / 2011 – 12 / 251 – DBOD . AML BC. No. 47 / 14.01.001 / 2011 – 12*** થી બેંક માં લેણી અર્થે રજુ થતા, ચેક ના સમય મર્યાદા માં માસ ૦૬ થી માસ ૦૩ ઘટાડો કરેલ છે (જે સમય મર્યાદા ચેક લખ્યા તારીખ થી શરૂ થવા પામે છે) અને આ જાહેર સુચના ૦૧ લી એપ્રિલ ૨૦૧૨ કે તેના પછી લેણી અર્થે રજુ થતા ચેક ને લાગુ પાડવામાં આવેલ છે.

21. હાલના કામે રજૂ થયેલ તકરારી ચેક માં રહેલ હકીકતો જોવા માં આવે તો, સબબ તકરારી ચેક ઉપરોક્ત જણાવેલ સમય મર્યાદા માં રજૂ થવા પામેલ છે, તેમ સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. તેથી ***મુદ્દા ક્ર. ૦૨*** નો જવાબ ***હકાર માં*** આપવામાં આવે છે.

22. <u>મુદ્દા ક્ર. ૦૩ (અપર્યાપ્ત ભંડોળ થી બિન ચુકવણી પરત).</u>

23. સબબ મુદ્દો *<u>ધી. નેગો. ઇન્સટ્રુમેન્ટ એક્ટ ની કલમ – ૧૪૬</u>* સાથે સંકળાયેલ હોઇ, સબબ મુદ્દા ના યોગ્ય નિર્ણય માટે, તે કલમ ની ચર્ચા અત્રે કરવી ઉચિત જણાઇ આવે છે.

<u>બેંક સ્લિપ અમુક તથ્યો ના સંબંધ માં પ્રથમદર્શી પુરાવો</u>

<u>જો વિપરીત નું પુરવાર કરવા માં ન તો, હાલ ના પ્રકરણ હેઠળ આવતી પ્રત્યેક કાર્યવાહી દરમિયાન, જ્યારે કોઇ બેંક ની સ્લીપ અથવા મેમો ચેક પરત ફર્યા ના અધિકૃત ચિન્હ સહ રજુ કરવામાં આવે, તો ન્યાયાલય ફરજિયાત પણે એમ માને કે, તે ચેક જણાવેલ કારણે પરત થવા પામેલ છે.</u>

24. આ હકીકત સાબિત કરવા માટે ફરિયાદ પક્ષે **આંક – ૧૧** થી ચેક પરત ફર્યા ની પાવતી રજુ કરેલ છે. જે વંચાણે લેવામાં આવે તો, હાલ ના કામ નો તકરારી ચેક આરોપી ના ***બેંક ખાતા માં અપૂર્તિ ભંડોળ (ફંડ ઇન્સફીશન્ટ)*** ના કારણે તેમની બેંક દ્વારા બિન ચુકવણી પરત કરવામાં આવેલ છે. જે દસ્તાવેજ નું આરોપી પક્ષે કોઇ પણ યોગ્ય ખંડન કરેલ નથી.

25. તેથી **મુદ્દા ક્ર. ૦૩** નો જવાબ **હકાર માં** આપવામાં આવે છે.

26. **<u>મુદ્દા ક્ર. ૦૪ (યોગ્ય માંગણી નોટીસ).</u>**

27. સબબ મુદ્દો જ્યારે કાયદા મુજબ ની માંગણી નોટીસ સાથે સંકળાયેલ હોય, તો તેવા કિસ્સા માં અત્રે ની ન્યાયાલય ને નીચે મુજબ ના દસ્તાવેજો ધ્યાને લેવા જરૂરી બને છે.

a) આંક – ૧૩ થી પોસ્ટ પેમેન્ટ સ્લીપ.
b) આંક – ૧૪ થી ઓનલાઇન ટ્રેકીંગ રીપોર્ટ.
c) આંક – ૧૨ થી કાયદા મુજબ ની માગણી નોટીસ ની કચેરી નકલ.

28. આમ હાલના કામે ***આંક –૧૩*** થી ***પોસ્ટ પેમેન્ટ સ્લીપ*** એ નોંધાયેલ ટપાલ માટે નું દસ્તાવેજ છે. આ દસ્તાવેજ ધ્યાને લેવા માં આવે તો, આ નોંધાયેલ ટપાલ, આરોપી પક્ષ ના નામ અને સરનામે રવાના કરવા માં આવેલ છે. તેમજ આ દસ્તાવેજ નું ખંડન આરોપી પક્ષ દ્વારા કરવા માં આવેલ નથી. ત્યારબાદ હાલ ના કામે ***આંક – ૧૪*** થી ***ઓનલાઇન ટ્રેકીંગ રીપોર્ટ*** રજૂ કરવા માં આવેલ છે. આ દસ્તાવેજ ધ્યાને લેવા માં આવે તો, જે નોંધાયેલ ટપાલ આગળ જણાવેલ દસ્તાવેજ થી આરોપી પક્ષ ઉપર રવાના કરવા માં આવેલ હતી, તે આરોપી પક્ષ ઉપર ગઈ *તા. ૨૨ –૦૮–૨૦૨૫* ના રોજ બાજવા પામેલ છે. આ દસ્તાવેજ નું પણ ખંડન આરોપી પક્ષ દ્વારા કરવા માં આવેલ નથી. તેમજ આખરે હાલના કામે ***આંક – ૧૨*** થી રજૂ થયેલ ***કાયદા મુજબ ની માગણી*** નોટીસ જોવા માં આવે તો તે પણ કાયદા માં નિર્દિષ્ટ કરેલ હકીકતો મુજબ ની છે. અને આ નોટીસ માં રહેલ હકીકતો નું પણ કોઈ ખંડન આરોપી પક્ષ દ્વારા કરવા માં આવેલ નથી.

29. તેથી **મુદ્દા ક્ર. ૦૪** નો જવાબ **હકાર માં** આપવામાં આવે છે.

30. **<u>મુદ્દા ક્ર. ૦૫ (દિન ૧૫ માં આરોપી દ્વારા ચુકવણી).</u>**

31. હાલના કામે રજૂ થયેલ તમામ હકીકતો જોવા માં આવે તો, આ કામના આરોપી પક્ષ દ્વારા કાયદા મુજબ ની માગણી નોટીસ મળ્યા ના દિન – ૧૫ માં ચેક માં રહેલ રકમ ની ચુકવણી તેઓ દ્વારા ફરિયાદ પક્ષ ને કરવા માં આવેલ હોય, તે દર્શાવાતો કોઈ પણ દસ્તાવેજી આધાર આરોપી પક્ષ દ્વારા રજૂ કરવા માં આવેલ નથી. અથવા તે સંબંધે નું કોઈ પણ માનવા પાત્ર કથન પણ આરોપી પક્ષ તરફ થી રજૂ થવા પામતું નથી.

32. આથી આ મુદ્દો જ્યારે આરોપી પક્ષ ના વર્તન માત્ર થી સાબિત થી જતો હોય, તો તેવા માં તેની વધુ ચર્ચા માટે કોઈ સ્થાન રહેતું નથી. તેથી **મુદ્દા ક્ર. ૦૫** નો જવાબ **હકાર માં** આપવામાં આવે છે.

33. **મુદ્દા ક્ર. ૦૬ (ગુના ની સાબિતી).**

34. સબબ મુદ્દા ની સાબિતી, ઉપરોક્ત ચર્ચા મુજબ ના તમામ મુદ્દા ની સાબિતી ઉપર આધારિત રહેલ છે. આ અગાઉ ચર્ચા મુજબ ના મુદ્દા અંગે નિર્ણય જોતા, હાલ ના કામે આરોપી દ્વારા *ધી. નેગો. ઇન્સટ્રુમેન્ટ એકટ ની કલમ – ૧૩૮* મુજબ નો ગુનો કરવા માં આવેલ હોવાનું અત્રે નિઃશંક પણે સાબિત થાય છે.

35. ઉપરોક્ત મુદ્દા ની ચર્ચા પશ્ચાત, સજા ના પ્રમાણ સંબંધે ચર્ચા કરવામાં આવે તો, નામ. મદરાસ ઉચ્ચ ન્યાયાલય દ્વારા ***Janagi***[2] ના કિસ્સા માં એમ ઠરાવ કરેલ છે કે, આવા પ્રકાર ના ગુના માં સજા નો સિધ્ધાંત **અવરોધક / પ્રતિબંધક** પ્રકાર નો રહેલ છે. વધુ માં સજા ના પ્રમાણ ની ચર્ચા કરતા, નામ. ન્યાયાલય દ્વારા એમ ઠરાવવામાં આવેલ છે કે, ***"The very object of introducing this provision is to bring about honesty and credibility in such transactions. If a person, who has committed such an offence is to be treated so lightly and let off with a fleabite sentence, then the purpose of enactment will be defeated. Provisions regarding punishment should not be made an empty formality, unless there are strong and persuasive grounds, a lighter view cannot be taken in such cases"***

36. આમ છેલ્લે જ્યારે સજા નો પ્રમાણ નિર્ધારિત કરવાનો વિષય આવે, ત્યારે નામ સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા ***Vinod Kumar***[3] ના ચુકાદા માં એમ માનેલ છે કે, સજા સંબંધે કોઇ સીધો અને સામાન્ય સુત્ર નથી. પરંતુ નીચે જણાવેલ અમુક પરિબળો ધ્યાને લેવા સુચના આપવામાં આવેલ છે.

- સજા હંમેશા ગુના ના ગુરુત્વાકર્ષણ ને અનુરૂપ/પ્રમાણસર હોવી જોઈએ.
- આરોપી કે પીડિત નો ધર્મ, જાતિ, જાતિ, આર્થિક કે સામાજિક દરજ્જો.
- તમામ ઉત્તેજક અને ઘટાડા નાં પરિબળો અને જે સંજોગોમાં ગુનો આચરવા માં આવ્યો છે.
- આચરણ અને આરોપી ની માનસિક સ્થિતિ.

---

[2] Janagi Vs. Lakshmi 1999 (1) MLJ (Cri) 111
[3] State of Rajasthan vs. Vinod Kumar MANU/SC/0463/2012

37. આ ચેક સંબંધે ના કાયદા નો મુળ હેતું આવા પ્રકાર ના સાધનો પ્રત્યે આર્થિક જગત માં લોકો નો વિશ્વાસ કેળવવાનો છે. જ્યારે હાલના કિસ્સામાં આરોપી પક્ષ એ ફરિયાદી પાસે થી ***ધીરાણ*** ની રકમ પ્રાપ્ત કરી, તેવી રકમ ની ચુકવણી માટે આપેલ ચેક પરત કરી હાલનો ગુનો કરેલ છે. જો આવા કિસ્સામાં આરોપી ઉપર ઉદારતા દાખવી ઓછી સજા કરવામાં આવે, તો આર્થિક પ્રકાર ના વ્યવહાર માં, ચેક ઉપર નો વિશ્વાસ ગુમાવવા ઉપરાંત, કાયદા ના હેતું ને નષ્ટ કરવા પાત્ર રહેશે. તેમજ અત્રે ના ન્યાયાલય ના માનવા મુજબ, આવા પ્રકાર ના તત્વો ને પ્રોત્સાહન આપવા પાત્ર રહેશે. તેથી હાલના કામે સંજોગો જોતા, નીચે આખરી હુકમ મુજબ ની સજા યોગ્ય જણાઇ આવે છે.

38. આમ ઉપરોક્ત તમામ ચર્ચા ની અંતે તેમજ તમામ રજુ થયેલ પુરાવા ધ્યાને લેતા, હાલના કામે **મુદ્દા ક્ર. ૦૬** નો જબાબ **હકાર માં** આપવામાં આવે છે.

39. **મુદ્દા ક્ર. ૦૭ –**

40. આમ તમામ ચર્ચા અંતે મુદ્દા ક્ર. ૦૭ પરત્વે નીચે મુજબ નો આખરી હુકમ ફરવવામાં આવે છે.

–::હુકમ ::–

આ કામ ના આરોપી સલિમ ખાન મોરહમઅલી પઠાણ, ઉમર – ૪૫ , વ્યવસાય – ધંધો , સરનામું – નાનપુરા, લકડકોટ, જુના દરબાર, કમલ બાગની સામે, સુરત, ૩૯૫૦૦૧ / ૧/૪૦૬૨, પૈકી જૂના દરબાર, નિમત પેલેસ, સુરત, – ૩૯૫૦૦૧ / સલમાન વેલ્ડીંગ વર્કસ – વોર્ડ ન. ૦૧, નોંધ ન. ૩૦૫૭, પખાલી વાડ મસ્જીદ પાછળ, ફસાલી મસ્જીદ પાસે, બડેકા ચકલા, નાનપુરા, સુરત – ૩૯૫૦૦૧. સંપર્ક – +૯૧–૭૦૧૬૮–૫૬૬૨૯ નાઓને બી. એન. એસ. એસ. ૨૦૨૩ ની કલમ ૨૭૮(૨) અન્વયે તેમની સામે ના ધી. નેગોશીયેબલ ઇન્સ્ટ્રૂમેન્ટ એકટ ની કલમ – ૧૩૮ મુજબ ના શિક્ષા પાત્ર ગુના ના તહોમત માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે, અને તેઓને સબબ તહોમત માટે તકસીરવાન ઠરાવેલ હોઇ, ૦૧ (એક) વર્ષ ની સાદી કેદ ની સજા ભોગવવાનુ હુકમ કરવામાં આવે છે. તેમજ ચેક ની રકમ ₹ ૯,૫૫,૯૭૨/– ના ૧.૧ ગુણા એમ કૂલ રકમ ₹૧૦,૫૧,૫૬૯/– ની રકમ દંડ પટે (નીચે જણાવેલ મુજબ) લાગુ કરવાનો આદેશ કરવામાં આવે છે.

સબબ કામના ફરિયાદ પક્ષ ને આરોપી પક્ષ ના કૃત્ય ના કારણે દીવાની ન્યાયાલય ના હુકમ થી પ્રાપ્ત કરવા પાત્ર થાય તે પ્રકાર નું વળતર નું નુકસાન થયેલ હોઈ, હાલના કામના આરોપી પક્ષ ને આથી આદેશ આપવામાં આવે છે કે, દંડે પેટે ની તમામ રકમ ₹૧૦,૫૧,૫૬૯/– બી. એન. એસ. એસ. ૨૦૨૩ ની કલમ ૩૯૫ હેઠળ વળતર પેટે હાલના કામના ફરિયાદી ને ચુકવણી કરવી.

બી. એન. એસ. એસ. ૨૦૨૩ ની કલમ ૩૯૫ વંચાણે લેતા, અહી સ્પષ્ટ કરવાનું કે, સબબ વળતર ની રકમ ની ચુકવણી –

- જો હાલના હુકમ સામે કોઈ અપીલ કરવામાં ન આવે તો, કાયદા મુજબ અપીલ સમય પૂર્ણ થાય, તે પછી કરવાની રહેશે.
- જો હાલના હુકમ સામે અપીલ દાખલ કરવામાં આવે તો, અપીલ સંબંધે હુકમ પછી (અપીલ ઉપર આવેલ હુકમ મુજબ) કરવાની રહેશે.

જો સબબ આરોપી સદરહુ દંડ ની રકમ ભરવામાં કસૂર કરે તો, તેવા કસૂર બદલ બીજી સ્વતંત્ર રીતે ૦૩ (ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવા નુ હુકમ કરવામાં આવે છે.

આજ રોજ જ્યારે હાલના કામના આરોપી પક્ષ અત્રે ના ન્યાયાલય સમક્ષ ઉપસ્થિત નથી. તો તેવા સંજોગો માં બી. એન. એસ. એસ. ૨૦૨૩ ની કલમ ૩૯૨(૬)(પરંતુક) વંચાણે લેતા સબબ ચુકાદો, આરોપી પક્ષ ની ગેર–હાજરી માં સબબ કામ ના નિકાલ માં બીન જરૂરી વિલંબ ટાળવા ના હેતુ થી જાહેર કરવા માં આવે છે.

અત્રે ની ન્યાયાલય ના કચેરી ને આથી આદેશ કરવાનું કે, હાલના કામના આરોપી ઉપસ્થિત થતાં આ હુકમ ની બીન ખર્ચે એક નકલ (જો સંજોગો પ્રતિકૂલ હોય તો સંભવતઃ ઈ–નકલ) તાત્કાલિક ધોરણે આરોપી પક્ષ ને સોંપી આપવી અને તે બદલ આરોપી પક્ષ પાસે થી પ્રાપ્તી ની નોંધ મેળવી લેવી.

હુકમ આજ રોજ તારીખ : ૦૬, માહે, એપ્રીલ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી ચુકાદો જાહેર કર્યો.

NITIN ASHOK KULKARNI

Digitally signed by NITIN ASHOK KULKARNI
Date: 2026.04.06 13:03:00 +0530

(એન. એ. કુલકર્ણી)
(જજ કોડ – જી.જે.૦૧૩૮૯)
૪૨ માં અધિક સી. જે. એમ.
અમદાવાદ શહેર.

તા. ૦૬–૦૪–૨૦૨૬
સ્થળ – અમદાવાદ શહેર.